# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૦ તા.૧૨-૧૦-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- અમદાવાદ શહેરની સ્વચ્છતા સુદઢ બનાવવા અંગે સ્વચ્છતાના ૯૦ દિવસના સફાઈ ઝુંબેશ અંગે મુખ્ય કચેરી,ઝોન કચેરી તથા શાળા સંકુલમાં રોજ રોજ કરવાની પ્રવૃત્તિઓ બાબત.

સંદર્ભ :- અ.મ્યુ.કો. પરિપત્ર નં.૩૩ તા.૧૧-૧૦-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ કચેરીઓ તથા શાળાઓને સ્વચ્છ અને સુંદર બનાવવા સ્વચ્છતાનું લેવલ વધુ સુદઢ કરવાના ભાગરૂપે ૯૦ દિવસ સુધી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા કચેરીઓ તથા શાળાઓ સ્વચ્છ કરવાની રહેશે. મુખ્ય કચેરી, ઝોન કચેરી તથા શાળાનું રેકર્ડ વ્યવસ્થિત યોગ્ય રીતે ગોઠવવું, બાદના સામાનનો યોગ્ય નિકાલ કરવો, રમત-ગમતના સાધનો, શાળાના મેદાનની સ્વચ્છતા, પીવાના પાણીની ટાંકીઓની સ્વચ્છતા,ધાબાની સફાઈ,શાળાના તમામ વર્ગખંડોની સફાઈ,વાહનો વ્યવસ્થિત યોગ્ય જગ્યાએ પાર્ક કરવા, સેનીટેશનની સફાઈ કરાવવી. આ સફાઈ ઝુંબેશની કામગીરીની રોજે રોજનો રિપોર્ટ ઝોન મારફતે મુખ્ય ઓફિસે મોકલી આપવાનો રહેશે.સફાઈ પહેલાના અને સફાઈ બાદના ૫-૫ ફોટા મોકલી આપવાના રહેશે.વધુમાં વિદ્યાર્થીઓની શારીરિક સફાઈ બાબતે પણ પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓને જાગૃત કરવાના રહેશે.

તા.૨૩-૧૦-૨૦૨૩ થી તા.૨૮-૧૦-૨૦૨૩ સુધી તમામ શાળાઓ, ઝોન ઓફિસની મહાસફાઈ કરાવવાની રહેશે. તદ્ ઉપરાંત ઉકત ૯૦ દિવસની મહાસફાઈ પછી પણ રોજે રોજ વિદ્યાર્થીઓમાં સફાઈ આદત બની રહે તેવા પ્રયત્ન કરવાના રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૨-૧૦-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મ્યુનિસિપલ કમિશનરશ્રી ની સેન્ટ્રલ ઓફિસ
સરદાર પટેલ ભવન , દાણાપીઠ, અમદાવાદ - 380001
**પરિપત્ર** નં. 33 તા.૧૧/૧૦/૨૦૨૩

---

## **અગત્યનો પરિપત્ર**
## **સ્વચ્છતાનાં 60 દિવસની સફાઈ ઝુંબેશ કામગીરી બાબત**

**વિષયઃ** **અમદાવાદ શહેરની સ્વચ્છતા સુદૃઢ બનાવવા અંગે સ્વચ્છતાનાં 60 દિવસનાં સફાઈ ઝુંબેશ અંગે ઝોન - વોર્ડ - વિભાગે રોજેરોજ કરવાની પ્રવૃતિઓ બાબત.**

**સંદર્ભ :** **અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક : એસ.બી.એમ. / 102023 / 945 / થ1, તા.10.10.2023**

સ્વચ્છતા પખવાડીયાની 15 મી સપ્ટેમ્બર થી 2 જી ઓક્ટોબર 2023 સુધીમાં કરવામાં આવેલ વિવિધ સફાઈ ઝૂબેશ અને જનજાગૃતિ કાર્યક્રમોમાં નાગરીકો અને સેવાભાવી સંસ્થાઓ અને અન્ય એજન્સીઓના મળેલ અભૂતપૂર્વ સહકારને ધ્યાને રાખી શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા સ્વચ્છતાનું લેવલ વધુ સુદૃઢ કરવાનાં ભાગરૂપે 60 દિવસનાં વિવિધ પ્રવૃતિઓ કરાવવા અંગે સબંધિત ઝોનલ અને વોર્ડ તથા વિભાગ કક્ષાએથી કરવાની થતી કામગીરીઓ અંગે પત્રમાં જણાવેલ મુજબનાં અધિકારીઓ - કર્મચારીઓને અમલીકરણ કરવા તથા તે માટે નીચે જણાવ્યા મુજબ કામગીરીઓ કરવા, વાહનો-મશીનરી ઉપયોગમાં લેવા સહિતની કામગીરીઓ કરવાની રહેશે.

**લોકેશનોની જનરલ સફાઈ ઝુંબેશની કામગીરીઓ હાથ ધરવી જેવી કે,**

| | |
|---|---|
| 1. સરકારી કચેરીઓ | 11. પોલીસ સ્ટેશન |
| 2. બસ સ્ટેન્ડ / બસ ટર્મિનસ /રેલ્વે ટર્મિનસ | 12. આંગણવાડીઓ, હોસ્પિટલો |
| 3. પાર્ક / બગીચા | 13. જળાશયો, નહેરો, પાણીની ટાંકીઓ |
| 4. ધાર્મિક સ્થળો | 14. રમતગમત સંકુલ |
| 5. આઇકોનિક સ્થાનો | 15. અદાલતો |
| 6. બજારો | 16. રસ્તાનું સમારકામ |
| 7. અન્ય જાહેર સ્થળો | 17. પેવમેન્ટ વગેરે દ્વારા GVP (ગારબેજ વનુરેબલ પોઈંટો) ને કાયમી ધોરણે દૂર કરવા. |
| 8. જળાશયો | |
| 9. પ્રવાસન સ્થળો | |
| 10. રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો | |

**વધુમાં મિશન મોડ પર,**

| | |
|---|---|
| **અઠવાડીયાના દર સોમવાર, બુધવાર, શુક્રવાર, શનિવાર** | **ઝોન - વોર્ડનાં લીગસી વેસ્ટનો નિકાલ** |

**દર રવિવારે અમદાવાદ શહેર સુધી પહોંચવાના રસ્તાઓ - એન્ટ્રી પોઈંટો સાફ કરવાનાં રહેશે જેવા કે,**

- રીંગ રોડ, બાયપાસ વગેરે
- શહેરનાં પ્રવેશ બિંદુઓથી 5 કિમી વિસ્તારમાં મુખ્ય માર્ગો પર અસરકારક સફાઈ કરાવવી અને કચરાના ઢગલા હોય તો દૂર કરાવવા
- મિકેનાઇઝ્ડ રોડ સફાઈ કામગીરી કરાવવી.

**<u>તારીખ વાઇઝ કરવાની થતી સફાઈ ઝુંબેશ પ્રવૃતિઓ નીચે મુજબ છે.</u>**

**તારીખવાઇઝ સફાઈ ઝુંબેશ હાથ ધરવા અંગેની સમગ્ર કામગીરી તમામ વોર્ડના આસી.મ્યુનિ.કમિશનરશ્રીઓ અને ઝોનલ ડે.ડાયરેક્ટરશ્રીઓએ તેઓનાં તાબા હેઠળનાં સ્ટાફને જોડી કરવાની રહેશે.**

આ ઉપરાંત જે તે દિવસનાં કાર્યક્રમનાં કોલમની સામે જણાવેલ સબંધિત વિભાગનાં અધિકારીશ્રીઓએ ઝુંબેશમાં તેઓનાં હસ્તકનાં સ્ટાફ, એજન્સીઓ, NGO, સેલ્ફ હેલ્પ ગ્રૂપ, સંસ્થાઓ, ઈન્સ્ટીટ્યૂટ, નાગરીકોને મોટી સંખ્યામાં જોડાવા માટે સંકલન અને લાયઝનીંગ કામગીરી કરવાની રહેશે.

| ક્રમ | તારીખ | પ્રવૃત્તિની વિગતો | સંકલન અને લાયઝનીંગ | જવાબદાર વિભાગ | ભાગ લેવડાવવાની થતી સંસ્થાઓ - એજન્સીઓ |
|---|---|---|---|---|---|
| 1. | **તા.૧૨/૧૦/૨૦૨૩ (ગુરુવાર)** | તમામ રેફ્યૂઝ ટ્રાન્સફર સ્ટેશનો અને ડોર ટુ ડોર અને અન્ય વાહનોનાં પાર્કીંગ સ્થળોની સફાઈ ઝુંબેશ | .ડાયરેક્ટર<br>(સો.વે.મે. - તમામ ઝોન) | ઝોનલ સો.વે.મે. | ઓપરેશન મેંટેનન્સ એજન્સીઓ |
| 2. | **તા.૧૩/૧૦/૨૦૨૩ (શુક્રવાર)** | શહેરમાં આવેલા તમામ વોટર પંપીંગ સ્ટેશનો, વોટર ટ્રીટમેંટ પ્લાન્ટ, ડ્રેનેજ પંપીંગ સ્ટેશન, STPs ની સફાઈ ઝુંબેશ અને કાટમાળ - ભંગાર નિકાલ કામગીરી | • સિટી ઇજનેર<br>• એડી.સિટી.ઇજનેર (વોટર પ્રોજેકટ)<br>• એડી.સિટી.ઇજનેર (ડ્રેનેજ પ્રોજેકટ)<br>• એડી.સિટી.ઇજનેર (STP)<br>• એડી.સિટી.ઇજનેર (લાઇટ ખાતું) | ઇજનેર ખાતું<br>વોટર પ્રોજેકટ<br>STP વિભાગ<br>ડ્રેનેજ પ્રોજેકટ<br>લાઇટ ખાતું | ઓપરેશન મેંટેનન્સ એજન્સીઓ |
| 3. | **તા.૧૪/૧૦/૨૦૨૩ (શનિવાર)** | શહેરમાં આવેલાં તમામ મ્યુનિસિપલ હૉલ, પાર્ટીપ્લોટો, પિકનીક હાઉસો, વગેરેની સફાઈ ઝુંબેશ અને કાટમાળ - ભંગાર નિકાલ કામગીરી | • ડે.એસ્ટેટ ઓફિસર (તમામ ઝોન)<br>• ડે.ડાયરેક્ટર (સો.વે.મે. - તમામ ઝોન) | ઝોનલ એસ્ટેટ તથા સો.વે.મે. | બીલ્ડર્સ એસોસીએશન<br>સ્ક્રેપ વેન્ડર એસોસીએશન |
| 4. | **તા.૧૫/૧૦/૨૦૨૩ (રવિવાર)** | શહેરના તમામ ધાર્મિક સ્થળો, હેરીટેજ બિલ્ડીંગ, પુરાતત્વીય સાઈટ, મહાપુરુષોની પ્રતિમાની સફાઈ | • ડાયરેક્ટર (પાર્ક્સ અને ગાર્ડન)<br>• એડી.સિટી.ઇજનેર (તમામ ઝોન)<br>• ડાયરેક્ટર(હેરીટેજ)<br>• એડી.સિટી.ઇજનર (હેરીટેજ) | બગીચા ખાતું<br>ઇજનેર ખાતું<br>હેલ્થ ખાતું<br>શાળા | ધાર્મિક સંસ્થાના વડાઓ<br>ફૂલ બજાર એસોસિએશન<br>NGO<br>SHG |
| 5. | **તા.૧૬/૧૦/૨૦૨૩ થી તા.૨૧/૧૦/૨૦૨૩** | શહેરી વિસ્તારના બસ ટર્મિનસ અને રેલવે ટર્મિનસ અને રેલ્વે લાઇનની | • ટ્રાન્સપોર્ટ મેનેજર (AMTS)<br>• જનરલ મેનેજર (BRTS) | AMTS<br>BRTS | ઓટો રિક્સા એશોસીએસન |

| ક્રમ | તારીખ | પ્રવૃત્તિની વિગતો | સંકલન અને લાયઝનીંગ | જવાબદાર વિભાગ | ભાગ લેવડાવવાની થતી સંસ્થાઓ - એજન્સીઓ |
|---|---|---|---|---|---|
| | | આસપાસનાં વિસ્તારની સફાઇ અને ઓવરબ્રીજ નીચે અને અંડરપાસની સફાઈ | | | |
| 6. | તા.૨૨/૧૦/૨૦૨૩ (રવિવાર) | શહેરનાં ધાર્મિક મ્યુઝીયમ, કલ્ચરલ મ્યુઝીયમ, પ્રવાસન સ્થળોની સાફ સફાઇ | • મેનેજર (રીક્રીએશન) | સ્વીમીંગ પુલ - વ્યાયામ શાળા | ધાર્મિક સંસ્થાના વડાઓ<br>NGO |
| 7. | તા. ૨૩/૧૦/૨૦૨૩ થી તા.૨૮/૧૦/૨૦૨૩ | તમામ શૈક્ષણિક સંસ્થાઓ, યુનીવર્સીટી, બિલ્ડીંગો. શાળા- કોલેજો, આંગણવાડીઓની સફાઈ | • શાસના અધિકારી (સ્કૂલ બોર્ડ)<br>• એડી.એમ.ઓ.એચ. | સ્કૂલ બોર્ડ<br>ICDS | NCC<br>NSS<br>યુવા વિધાર્થી સંગઠનો |
| 8. | તા.૨૯/૧૦/૨૦૨૩ (રવિવાર) | શહેરી વિસ્તારના સ્લમ એરીયાની સાફ સફાઇ તેમજ બિલ્ડીંગ કાટમાળને રીસાયકલ કરી રીયુઝ કરવાની વ્યવસ્થા ગોઠવવી | • એડી.સિટી ઇજનેર (હાઉસીંગ)<br>• ડાયરેક્ટર (યુ.સી.ડી.) | ઇજનેર પ્રોજેક્ટ<br>યુ.સી.ડી. | સેલ્ફ હેલ્પ ગ્રૂપ<br>સામાજિક સંગઠનો<br>NGO<br>સેવા (SEWA) |
| 9. | તા.૩૦/૧૦/૨૦૨૩ થી તા.૦૪/૧૧/૨૦૨૩ | • તમામ સરકારી કચેરીઓના રેકર્ડ વર્ગીકરણ, ભંગારનો નિકાલ,<br>• જુના વાહનોની હરાજીની કામગીરી હાથ ધરવી | • ડે.મ્યુનિસિપલ કમિશનર (તમામ ઝોન) અને વિભાગો<br>• સીનીયર લીગલ આસીસ્ટંટ<br>• સેંટ્રલ રેકર્ડ કીપર<br>• જોઇન્ટ ડાયરેક્ટર (મીકેનીકલ)<br>• ટ્રાન્સપોર્ટ મેનેજર (AMTS)<br>• જનરલ મેનેજર (BRTS) | આ.મ્યુ.કો.નાં તમામ વિભાગ | તમામ વિભાગોના વડા અધિકારીઓએ અને કર્મચારીઓ |
| 10. | તા.૦૫/૧૧/૨૦૨૩ (રવિવાર) | શહેરી વિસ્તારની તમામ સરકારી કચેરીઓની (ઝોનલ - સબ ઝોનલ કચેરીઓ, સિવિક સેન્ટરો, મસ્ટર સ્ટેશનો, લાઈબ્રેરી, વગેરે તમામ) સાફ સફાઈ | • ડે.મ્યુનિસિપલ કમિશનર (તમામ ઝોન)<br>• એસેસર એન્ડ ટેક્સ કલેક્ટર<br>• ડે.એસેસર એન્ડ ટેક્સ કલેક્ટર (તમામ ઝોન)<br>• મેનેજર (ઇ-ગવર્નન્સ)<br>• ગ્રંથપાલ (MJ લાયબ્રેરી) | ટેક્સ<br>ઇ-ગવર્નન્સ<br>MJ લાયબ્રેરી | ચાર્ટડ એકાઉન્ટ એસોસિએશન<br>આર્કિટેક્ટ એસોસિએશન |
| 11. | તા.૬/૧૧/૨૦૨૩ થી | શહેરના તમામ ફ્લાય | • ટ્રાન્સપોર્ટ મેનેજર (AMTS) | AMTS<br>BRTS<br>ઝોનલ સો.વે.મે. | અમદાવાદ સિવિલ એન્જિ. |

| ક્રમ | તારીખ | પ્રવૃત્તિની વિગતો | સંકલન અને લાયઝનીંગ | જવાબદાર વિભાગ | ભાગ લેવડાવવાની થતી સંસ્થાઓ - એજન્સીઓ |
|---|---|---|---|---|---|
| | તા.૧૧/૧૧/૨૦૨૩ | ઓવર, બસ સ્ટેન્ડ,રેલ્વે સ્ટેન્ડ, સફાઈ | • જનરલ મેનેજર (BRTS)<br>• ડે.ડાયરેક્ટર<br>• (સો.વે.મે. - તમામ ઝોન) | | એસોસિએશન |
| 12. | તા.૧૨/૧૧/૨૦૨૩ (રવિવાર) | • સરકારી રહેણાંકો - EWS ક્વાટર્સ - સ્લમ ક્વાટર્સ વસાહતોની હાઉસીંગ કોલોનીઓ સફાઈ<br>• પોલીસ સ્ટેશનો, પોલીસ હાઉસીંગ કોલોની આસપાસ, કોર્ટ સંકૂલની સફાઈ | • એડી.સિટી.ઇજનેર (તમામ ઝોન)<br>• ડે.એસ્ટેટ ઓફિસર (તમામ ઝોન)<br>• સુપ્રિ(સિક્યોરીટી) | એસ્ટેટ ખાતું<br>ઇજનેર ખાતું<br>સિક્યોરીટી ડીપાર્ટમેંટ | સેલ્ફ હેલ્પ ગ્રૂપ<br>સામાજિક સંગઠનો<br>એડવોકેટ એસોસિએશન<br>બાર કાઉન્સીલ એસોસિએશન<br>પોલીસ સ્ટાફ એસોસીએશન<br>NGO<br>સેવા (SEWA) |
| 13. | તા.૧૩/૧૧/૨૦૨૩ થી તા.૧૮/૧૧/૨૦૨૩ | દિવાળી નિમિતે ફટાકડાના કચરાનો નિકાલ - જાહેર રસ્તાઓની સફાઈ | • ડે.ડાયરેક્ટર (સો.વે.મે. - તમામ ઝોન) | ઝોનલ સો.વે.મે. | સોસાયટી ચેરમેન - સેક્રેટરી<br>સ્થાનીક આગેવાનો<br>પર્યાવરણીય સંસ્થાઓ - મિત્રો<br>NGO |
| 14. | તા.૧૯/૧૧/૨૦૨૩ (રવિવાર) | સિંગલ યુઝ પ્લાસ્ટીક અંગેની જાગૃતિ અને કલેક્શન ડ્રાઇવ હાથ ધરવી. | • ડાયરેક્ટર (યુ.સી.ડી.)<br>• એમ.ઑ.એચ.<br>• એસેસર અને ટેક્સ કલેક્ટર<br>• ડે.એસ્ટેટ ઓફિસર (તમામ ઝોન)<br>• ડે.ડાયરેકટર (સો.વે.મે - તમામ ઝોન) | યુ.સી.ડી.<br>ટેક્સ<br>ઝોનલ એસ્ટેટ<br>હેલ્થ<br>ઝોનલ સો.વે.મે. | બિલ્ડર એસોસિસેશન<br>સેલ્ફ હેલ્પ ગ્રૂપ<br>આંગણવાડી વર્કરો<br>MPHW |
| 15. | તા.૨૦/૧૧/૨૦૨૩ થી તા.૨૫/૧૧/૨૦૨૩ | • શહેરી શાકભાજી માર્કેટ, APMC,<br>• બાગ બગીચાઓની સફાઈ<br>• તેમજ ભીના | • ડાયરેક્ટર (પાર્કસ અને ગાર્ડન) | બગીચા ખાતું | થડા બજાર એસોસિએશન<br>APMC વહીવટી પાંખ<br>CSR માટેની કંપનીઓ - સંસ્થાઓ |

| ક્રમ | તારીખ | પ્રવૃત્તિની વિગતો | સંકલન અને લાયઝનીંગ | જવાબદાર વિભાગ | ભાગ લેવડાવવાની થતી સંસ્થાઓ - એજન્સીઓ |
|---|---|---|---|---|---|
| | | કચરામાંથી ખાતર બનાવા કમ્પોસ્ટ મશીનો/ અન્ય સુવિધાની શરુઆત કરવી. | | | |
| 16. | **તા.૨૬/૧૧/૨૦૨૩ (રવિવાર)** | શહેરી વિસ્તારના તમામ જાહેર અને સામુદાયીક શૌચાલયોની સાફ સફાઇ અને મરામત હાથ ધરવી | • સિટી ઇજનેર<br>• એડી.સિટી.ઇજનેર (તમામ ઝોન)<br>• ડે.એસ્ટેટ ઓફિસર (તમામ ઝોન)<br>• ડે.ડાયરેકટર (સો.વે.મે. - તમામ ઝોન) | ઇજનેર ખાતું<br>ઝોનલ એસ્ટેટ<br>ઝોનલ સો.વે.મે. | પે એન્ડ યુઝ શૌચાલય એસોસિએશન<br>કેર ટેકર્સ એસોસિએશન<br>સ્થાનીક માર્કેટ એસોસીએશન |
| 17. | **તા.૨૭/૧૧/૨૦૨૩ થી તા.૦૨/૧૨/૨૦૨૩** | અમદાવાદ શહેરનાં ૫ કી.મી. ત્રિજ્યામાં આવેલ રાજયના ધોરી માર્ગો, રાષ્ટ્રીય ધોરી માર્ગો, રીંગ રોડની સાફ સફાઇ કરવી | • ડાયરેકટ એસ્ટેટ અને ટાઉન પ્લાનીંગ<br>• એસ્ટેટ ઓફિસર<br>• ડે.ડાયરેકટર (સો.વે.મે. - તમામ ઝોન) | એસ્ટેટ અને ટાઉન પ્લાનીંગ<br>ઝોનલ સો.વે.મે. | બિલ્ડર એશોસિસેશન<br>CRADAI |
| 18. | **તા.૩/૧૨/૨૦૨૩ (રવિવાર)** | શહેરનાં તમામ એન્ટ્રી પોઈન્ટ થી ૫ કિ.મી વિસ્તારમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ સિવાયના GIDC સાથે કનેક્ટડ તથા અન્ય તમામ માર્ગોની સઘન સફાઇ ઝુંબેશ હાથ ધરવી. | • ડાયરેકટ એસ્ટેટ અને ટાઉન પ્લાનીંગ<br>• એસ્ટેટ ઓફિસર<br>• ડાયરેકટર (પાર્કસ અને ગાર્ડન)<br>• ડે.ડાયરેકટર (સો.વે.મે. - તમામ ઝોન) | ઝોનલ એસ્ટેટ<br>બગીચા ખાતું<br>ઝોનલ સો.વે.મે. | બિલ્ડર એશોસિસેશન<br>GAHED<br>GIDC એશોસિસેશન |
| 19. | **તા.૦૪/૧૨/૨૦૨૩ થી તા.૯/૧૨/૨૦૨૩** | શહેરની તમામ હોસ્પિટલો, ખાનગી તથા સરકારી દવાખાના, UHC, CHC, અર્બન હેલ્થ સેન્ટરની સફાઈ | • એમ.ઓ.એચ.<br>• સુપ્રિટેંડેંટ (તમામ મ્યુનિસિપલ હોસ્પીટલ)<br>• ડે.હેલ્થ ઓફિસર (તમામ ઝોન) | હેલ્થ ખાતું<br>હોસ્પિટલ વિભાગ | ડોક્ટર્સ એસોસિએશન<br>નર્સ - મીડવાઈફરી એસોસિએશન<br>NGO<br>રેડક્રોસ જેવી સંસ્થાઓ |
| 20. | **તા.૧૦/૧૨/૨૦૨૩ (રવિવાર)** | શહેરની મુખ્ય સીવીલ હોસ્પિટલની સાફ સફાઇ હાથ ધરવી | • MOH<br>• ડે.હેલ્થ ઓફિસર (એપેડેમીક) | હેલ્થ ખાતું | ડોક્ટર્સ એસોસિએશન<br>દવાબજાર એસોસિએશન |
| 21. | **તા.૧૧/૧૨/૨૦૨૩ થી તા.૧૬/૧૨/૨૦૨૩** | શહેરમાં આવેલા પીવાનાં પાણીના ઓવરહેડ ટાંકી, | • સિટી ઇજનેર<br>• એડી.સિટી.ઇજનેર (વોટર | વોટર પ્રોજેકટ | AMC બિલ્ડર એસોસિએશન |

| ક્રમ | તારીખ | પ્રવૃત્તિની વિગતો | સંકલન અને લાયઝનીંગ | જવાબદાર વિભાગ | ભાગ લેવડાવવાની થતી સંસ્થાઓ - એજન્સીઓ |
|---|---|---|---|---|---|
| | | સમ્પ, વોટર ટ્રીટમેંટ પ્લાન્ટ, કાંસની સફાઈ ઝુંબેશ | પ્રોજેકટ)<br>• એડી.સિટી.ઇજનેર (વોટર ઓપરેશન) | | |

**ઉપરોક્ત મુજબથી તારીખવાઇઝ સફાઈ ઝુંબેશનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે તેની રોજેરોજની કરવામાં આવેલ કામગીરીનો સંકલિત રિપોર્ટ ઝોનલ ડે.ડાયરેક્ટરશ્રીઓએ તે જ દિવસે આપેલ ફોર્મેટમાં બપોરે ૩ વાગ્યા સુધીમાં સો.વે.મે. મધ્યસ્થ કચેરીનાં ઈમેઈલ amcss2023@gmail.com પર તે જ દિવસે મોકલી આપવાનો રહેશે. રિપોર્ટ સાથે કામગીરીનાં સારી ક્વોલીટીનાં બીફોર અને આફટરનાં ૦૫ ફોટોગ્રાફ્સ ખાસ મોકલવાનાં રહેશે.**

**આ ઉપરાંત અન્ય જનરલ કામગીરીઓ ઝોનલ લેવલે હાથ ધરવાની રહેશે જેવી કે,**

- સફાઈ ઝુંબેશમાં આવરી લેવામાં આવેલાં વિસ્તારોના મુખ્ય રસ્તાઓની મિકેનાઇઝ્ડ સ્વીપર મશીનથી સફાઈ કરાવવી.
- દિવાળી જેવા તહેવારોમાં સફાઈ માટે ઝોનમાં ફાળવવામાં આવેલ તમામ વાહનો પુરેપુરા સમય માટે ઉપયોગમાં લેવા.
- ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન ૧૦૦% પી.ઓ.આઇ કવર કરે અને ઝોન - વોર્ડનાં તમામ સ્પોટ પરથી કચરો એકત્ર કરી આર.ટી.એસ. પર દૈનીક ધોરણે મોકલવામાં આવે તે સુનિશ્ચિત કરવું.
- તહેવારો દરમ્યાન વેસ્ટ કલેકશન સિસ્ટમનાં ડ્રાયવરો અને લેબરો રજા પર જવાનાં કિસ્સામાં કચરાનું કલેકશન ખોરંભે ન પડે તે સારૂ એજન્સીઓ પાસે આગોતરું આયોજન કરી વધારાની વર્કફોર્સની સ્ટ્રેન્થ ઉભી કરાવવી.
- જરૂર જણાયે રાત્રી દરમ્યાન વધારાની શિફટમાં પણ જરૂરીયાત અનુસારનાં કોમ્પેક્ટર વાહનો સહિત અન્ય વાહનોનો ઉપયોગ કરવાનો રહેશે.
- દિવાળી દરમ્યાન શહેરનાં તમામ મુખ્ય રસ્તાઓ અને સેંટ્રલ વર્જની સફાઈ માટે સવારે અને રાત્રિ બંને શિફ્ટમાં તમામ 48 વોર્ડમાં મિકેનાઇઝ્ડ સ્વીપર મશીનો દ્વારા સફાઈ કરાવવી.
- ઝોન - વોર્ડમાં રાત્રી સફાઇ કામગીરી દરમ્યાન એકત્ર કરવામાં આવેલ કચરાનાં નિકાલ માટે જરૂર જણાયે ઝોનનાં રેફયુઝ ટ્રાન્સફર સ્ટેશનો ચાલુ રાખી કચરાને તે જ દિવસે પિરાણા ડમ્પ સાઇટ મોકલવાની વ્યવસ્થા કરવાની રહેશે.
- શહેરનાં તમામ વોલ ટુ વોલ રસ્તાઓ, જાહેર માર્ગો, વગેરે પર મિકેનાઇઝડ રોડ સ્વીપર મશીનોનો મહત્તમ ઉપયોગ કરી આદર્શ સફાઈ કરાવવી.
- જ્યાં જ્યાં માટીકામ કરાવવું જરૂરી હોય ત્યાં જરૂર જણાયે બોબકેટ મશીન, ટ્રેક્ટર પાવડી, ટોળાં સફાઈ વગેરે કામગીરીઓ દ્વારા સઘન સફાઈ હાથ ધરવી.
- અમદાવાદ શહેરનાં એન્ટ્રી પોઈન્ટથી 5 કી.મી. સુધીનાં વિસ્તારમાં આવેલ મુખ્ય માર્ગો પર અસરકારક સફાઈ કરાવવી અને કચરાના ઢગલા હોય તો દૂર કરાવવા તેમજ મિકેનાઇઝ્ડ રોડ સફાઈ કામગીરી કરાવવી.
- રસ્તાઓ પર પડેલ ગાર્ડન વેસ્ટ અને સી એન્ડ ડી વેસ્ટ ત્વરીત દૂર કરાવવો.
- કચરો આવતો હોય તેવા લોકેશનો પરનો કચરો ઉપાડવા માટે કોમ્પેક્ટર વાહનોનાં રુટ બનાવવા.

- કામદારોની લારીઓની વોર્ડવાઇઝ સંખ્યા મુજબથી TPMનક્કી કરી તે મુજબ લારીઓ કોમ્પેક્ટરમાં નિકાલ કરવામાં આવે તે મુજબની વ્યવસ્થા ગોઠવવી.
- ચા ની કીટલીઓ - કાફે બાર જેવા એકમો પર પ્લાસ્ટીક / પેપર કપ વાપરાતા એકમો સામે સમગ્ર 100 દિવસ દરમ્યાન દંડનીય કાર્યવાહી કરવાની રહેશે.
- દરરોજ સાંજે 4 થી 7 કલાકે વોર્ડ – ઝોનલ SWM ટીમે ડ્રાઈવ હાથ ધરી પ્રતિબંધીત પ્લાસ્ટીક કેરી બેગ વાપરાતા એકમો સામે દંડનીય કાર્યવાહીની કરવી.
- પ્રતિબંધીત પ્લાસ્ટીક કેરી બેગ અને પ્લાસ્ટીક પેપરકપ ઉત્પાદક યુનિટો શોધવા અને તેમને સીલ કરી ઉત્પાદન બંધ કરાવવું.
- વધારે કામદારો - કર્મચારીઓ હોય તેવી ફેક્ટરીઓ, શેડ, ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વગેરે ચેક કરી પ્લાસ્ટીક પેપરકપનો ઉપયોગ બંધ કરાવવો.

**વધુમાં એંન્જીનીયરીગ ડીપાર્ટમેન્ટે ફૂટપાથ રીપેરીંગ, ખરાબ થયેલ મ્યુનિસિપલ બિલ્ડીંગોને કલરકામ, ડીવાઇડર - કર્બ પેઈન્ટીંગની કામગીરી કરવાની રહેશે.**

**ઉપર મુજબનાં 60 દિવસ સ્વચ્છતા માટેનાં એક્શન પ્લાન મુજબની કામગીરીઓ અંગે નાગરીકોને સમજૂત કરવા તેમજ પ્રચાર - પ્રસાર માટે સ્થાનીક આગેવાનો અને મ્યુનિસિપલ હોદ્દેદારોને પણ જોડવાનાં રહેશે.**

**સહી : એમ.થેન્નારસન**
**મ્યુનિસિપલ કમિશનર**